**ભરૂચના વિ. બીજા એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં,મુકામ:ભરૂચ.**

**ક્રિમીનલ અપીલ નં.૪૪/૨૦૨૫**

**એપેલન્ટ** :– મલેક ખલીલ મહેમુદભાઈ

વિ.

**રીસ્પોન્ડન્ટ** :– રફીકભાઈ અમીરભાઈ જાદવ

**<u>આંક–૧ લગત હુકમ</u>**

હાલના કામે બંને પક્ષકારો તરફે આંક ૨૨ થી સમાધાન પુરસીસ રજુ કરવામાં આવેલી છે અને એવી રજુઆત કરવામાં આવેલી છે કે બંને પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ છે અને આ કામના એપેલન્ટ/ આરોપીએ આ કામના રીસ્પોન્ડન્ટ/મુળ ફરીયાદીને ચેકની પુરેપુરી રકમ ચુકવી દીધેલ છે અને હવે પક્ષકારો વચ્ચે ચેક બાબતે કોઈ તકરાર બાકી રહેતી નથી, જેથી એપેલન્ટ/આરોપીને છોડી મુકવા અરજ ગુજારેલી છે. વધુમાં આ સમાધાન રાજીખુશીથી અને મુકત સંમતિથી કોઇ પણ જાતના દબાણ કે ધાક ધમકી અને પ્રલોભન વગર કરવામાં આવેલ હોવાનું પણ જણાવેલ છે. જેથી ઉપરોકત તમામ હકીકતો, રજુઆતો વિગેરે ધ્યાને લેતાં, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

૧. એપેલન્ટ/આરોપી મલેક ખલીલ મહેમુદભાઈનાઓની હાલની ક્રિમીનલ અપીલ આથી મંજુર કરવામાં આવે છે.

૨. વિ. ટ્રાયલ કોર્ટે ક્રિ.કે.નં.૨૪૯૨/૨૦૨૩ ના કામે એપેલન્ટ/આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુન્હામાં કસુરવાર ઠરાવી સજા, દંડ અને વળતર ચુકવવાનો જે હુકમ કરેલ છે તે હુકમ આથી રદ કરી,એપેલન્ટ/આરોપીને છોડી મુકવાનો હુકમ

કરવામાં આવે છે.

૩. આ હુકમની નકલ નીચેની અદાલતને તાત્કાલીક મોકલી આપવી.

આ હુકમ આજ **તા.૧૪** મી માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ લોકઅદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળ: ભરૂચ**
YSD

**(એજાઝ મહોશીન અલી શેખ)**
**બીજા એડીશનલ સેશન્સ જજ,ભરૂચ.**
**(જજ કોડ નં.જીજે૦૦૬૨૭)**